॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૨૧

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૬૯, અષાઢ સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...
જિનાજ્ઞાસમાધારક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

જિનશાસનના ધુરી સમર્થ આચાર્ય ભગવંતો, શ્રુતરસિક ગુરુભગવંતોના તથા શ્રુતરસિક ભક્તોના અત્યંત અંતઃકરણપૂર્વકના આશીર્વાદથી અત્યંત સમૃદ્ધ એવું "અહો ! શ્રુતજ્ઞાનમ્ " ચાતુર્માસિક માસિક તેના પાંચમા વર્ષમાં ઉત્સાહભેર પ્રવેશ કરતા આનંદ અને હર્ષની લાગણીથી આપનું હાર્દિક સ્વાગત કરે છે.

વર્તમાન દેશ કાળને અનુલક્ષીને લોકોની માન્યતાઓ અને સમજણ બદલાતી જાય છે. આજે દિવાળી જેવા પ્રસંગોમાં ઘરના વધારાના પુસ્તકોના નિકાલ વગેરેનું આયોજન ગોઠવાય તો ઢગલો પુસ્તકો પેટીપેક હાલતમાં મળે એવું પણ ક્યારેક જોવાય છે.

૨૧ મી સદીનું વિશ્વ પેપરલેસ ઓફિસ તરફ વળી રહ્યું છે, ત્યારે અનાવશ્યક બિનજરૂરી છાપકામ ઉપર આપણે ગંભીર વિચારણા કરવી જરૂરી જણાય છે. સમગ્ર વિશ્વ ઇકો ફ્રેન્ડલી ની વિચારધારામાં જ્યારે વહી રહ્યું હોય ત્યારે ગીતાર્થ દ્રષ્ટિએ લાભાલાભનો વિચાર જરૂરી જણાય છે.

આપણા ગુરુભગવંતાદિની સંયમની ઉચિત મર્યાદાઓ જળવાય એ હેતુથી આવશ્યક છાપકામ, હાર્ડકોપી સર્વથા બંધ થાય એ શક્ય પણ નથી, ઉચિત પણ નથી. અમુક પ્રમાણમાં જરૂરી હાર્ડ કોપી રૂપે છાપકામ થાય અને શેષ કેટલોક શ્રાવકવર્ગ કે જેને માટે ઇ-મેઇલ કે ઇન્ટરનેટ જેવા માધ્યમો સહજ થઇ ચૂક્યા છે, રોજીંદા જીવનમાં વણાઇ ગયા છે તેઓ તે દ્વારા જ સાહિત્ય મેળવે એવી વ્યવસ્થા વિચારવી યોગ્ય જણાય છે.

સમગ્ર વિશ્વમાં નામાંકિત મેગેઝીનો કે જેની લાખોની સંખ્યામાં નકલો બહાર પડતી હતી, તે પણ હવે આંક ઘટી ઘટીને એ હદે પહોંચ્યો છે કે તેમને છાપકામ સંપૂર્ણ બંધ કરીને ઇ-લાયબ્રેરી ઉપર જ એ મેગેઝીનો પ્રકાશિત કરવાની અને વેચાણ કરવાની ફરજ પડી છે.

આપણે ત્યાં પણ ઉપરના મુદ્દાઓ ઉપરાંત જ્ઞાનની આશાતના વગેરે કારણસર ઉપરોક્ત બાબતે આવશ્યક વિચારણા થવી જરૂરી જણાય છે.

નોંધ :- ઉપરોક્ત વાત નવા પ્રકાશિત થતા મેગેઝીન, પ્રવચનના પુસ્તકો વગેરે માટે જાણવી. પૂર્વાચાર્યોના શાસ્ત્રગ્રંથો બાબત વિચારણા કરવાની અમારી મર્યાદા છે, એ બાબતે ગીતાર્થ મહાપુરુષો જે પણ નિર્ણય લેતા હોય તેને વધાવવાનો જ હોય !

ઉપરોક્ત કાર્યમાં ગીતાર્થ ગુરુ ભગવંતોનું માર્ગદર્શન તથા સલાહ સૂચનની અમારી અપેક્ષા અસ્થાને નહિ હોય !

આવશ્યક નોંધ :- અમારા પૂર્વપ્રકાશિત સર્વ પરિપત્રો તેમજ જૈન શિલ્પવિધિવિધાનના પરિપત્રો અમારી નૂતન વેબસાઇટ પરથી પણ ઉપલબ્ધ થઇ શકશે. તથા તેના ઉપરથી ડાઉનલોડ થઇ શકશે.

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

" दासोऽहं सर्व साधूनाम् "

# સંવત ૨૦૬૮-૨૦૬૯ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | ઉવવાઇ સૂત્તં | આ.મુનિચન્દ્રસૂરિજી | પ્રા/સં | મહાવીર વિદ્યાલય |
| ૨ | શંખેશ્વર સ્તોત્રમ્ | આ.કલ્યાણબોધિસૂરિજી | સં/હિ | જિનશાસન આરા.ટ્રસ્ટ |
| ૩ | દ્રવ્યગુણ પર્યાય ભાગ ૧ થી ૭ | પં.યશોવિજયજી મ.સા. | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | દ્રવ્ય ગુણ પર્યાય નો રાસ ૧,૨ | પં.યશોવિજયજી મ.સા. | સં/ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | જિનશાસનસ્ય દીક્ષા | આ.યોગતિલકસૂરિજી | સં. | સંયમ સુવાસ |
| ૬ | તત્ત્વન્યાય વિભાકર(પ્રથમ ખંડ) | ગણિ વિક્રમસેનવિજયજી | સં/ગુજ | લબ્ધિભુવન સાહિત્યસદન |
| ૭ | શ્રી ચક્ષુરપ્રાપ્યકારિતાવાદ | આ.પૂણ્યપાલસૂરિજી | સં | શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૮ | કસ્તુરિ પ્રકરઃ | આ.પૂણ્યપાલસૂરિજી | સં/ગુજ | શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૯ | કૈલાશસાગર શ્રુતગ્રંથ સૂચી ૧૪,૧૫ | ----------- | હિ | આ.કૈલાશસાગરસૂરિજ્ઞાનમંદિર |
| ૧૦ | ઉપદેશમાલા કર્ણિકા વૃતિ | આ.કીર્તિયશસૂરિજી | સં | સન્માર્ગ પ્રકાશન |
| ૧૧ | અનેકાંત જય પતાકા ભાગ ૧ થી ૫ | પૂ.યશરત્નવિજયજી | સં/ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૧૨ | અનેકાંતવાદ પ્રવેશ | પૂ.યશરત્નવિજયજી | સં/ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૧૩ | સપ્તભંગી નયપ્રદીપ | પૂ.યશરત્નવિજયજી | સં/ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૧૪ | આવશ્યક નિર્યુક્તિ-૫ | પૂ.આર્યરક્ષિતવિજયજી | સં/ગુજ | પ્રેમસૂરિજી સંસ્કૃત પાઠશાળા |
| ૧૫ | નવતત્ત્વ સંગ્રહ | પૂ.સંયમકીર્તિવિજયજી | સં/ગુજ | સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૧૬ | વૈરાગ્ય કલ્પલતા | પ્રવિણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૭ | શાન્ત સુધારસ | પ્રવિણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૮ | બાર ભાવના | પ્રવિણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૯ | ભાષા રહસ્ય પ્રકરણ-૧-૨ | પ્રવિણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૨૦ | ધર્મ સંગ્રહ ભાગ-૪,૫ | પ્રવિણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૨૧ | ઉદય સ્વામીત્વ-સટીક | પૂ.યશરત્નવિજયજી | સં | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૨ | ઉદય સ્વામીત્વ-વિવેચન | પૂ.યશરત્નવિજયજી | સં/ગુજ | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૩ | ઉદય સ્વામીત્વ-પદાર્થ સંગ્રહ | પૂ.યશરત્નવિજયજી | ગુજ | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૪ | ગુરૂ તત્વ સિદ્ધિ | પૂ.યશરત્નવિજયજી | ગુજ | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૫ | શક્રસ્તવ | સા.પદમલતાશ્રીજી | સં/ગુજ | પ્રેમીલાબેન જયંતીલાલ |
| ૨૬ | ત્રિભુવન સ્વાધ્યાય ભા-૧થી૭ | પૂ.વિનયરક્ષિતવિજયજી | સં | શાસ્ત્ર સંદેશ માળા |
| ૨૭ | નમસ્કાર પ્રથમ પદ અર્થ (૧૧૦ અર્થ) | પૂ.પૂણ્યકીર્તિવિજયજી | ગુજ | સૂરિરામચંદ્ર દીક્ષા શતાબ્દિ |
| ૨૮ | હિતાચરણ પ્રકરણ(પ્રત)૧,૨ | પં.પૂણ્યકીર્તિવિજયજી | સં | સૂરિરામચંદ્ર દિક્ષા શતાબ્દિ |
| ૨૯ | ૩૫૦ ગાથાનું સ્તવન-૩ ઢાળ ૪-૫ | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૩૦ | મુમુક્ષુઓને માર્ગદર્શન | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૩૧ | રાસ પદ્માકર-૨ | ----------- | ગુજ | આ.કૈલાશસાગરસૂરિજ્ઞાનમંદિર |
| ૩૨ | મહામન્ત્ર કી સાધના | આ.રત્નસેનસૂરિજી | ગુજ | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૩ | સાગરમાં મીઠી વીરડી | ઉપા.રત્નત્રયવિજયજી | હિ | રંજન વિજય પુસ્તકાલય |

# સંવત ૨૦૬૮-૨૦૬૯ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | પ્રસન્નતાની પરબ | આ.કલ્યાણબોધિસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૨ | નવપદ સંવેદના | આ.કલ્યાણબોધિસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૩ | હળવાશનો ઉજાસ | આ.અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૪ | સાધના પથકે અવિરલ પથિક | આ.જિનોત્તમસૂરિજી | હિં | સુશીલ સાહિત્ય પ્રકાશન |
| ૫ | મૌન | આ.જયંતસેનસૂરિજી | હિં | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૬ | પર પરિણિત પરિત્યાગ વ્હાલા | આ.જયંતસેનસૂરિજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૭ | અનુભવ રસ અણમોલ | આ.જયંતસેનસૂરિજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૮ | પ્રવ્રજ્યા યોગાદિ વિધિ સંગ્રહ | આ.નરચંદ્રસૂરિજી | ગુજ | સન્માર્ગ પ્રકાશન |
| ૯ | જોગ, પદપ્રધાન, ઉપધાન વિધિ સંગ્રહ | આ.નરચંદ્રસૂરિજી | ગુજ | સન્માર્ગ પ્રકાશન |
| ૧૦ | જ્ઞાનાંજનમ્ (જ્ઞાનસાર વાચના) | આ.કલ્પતરૂસૂરિજી | ગુજ | શાન્તિજિન આરાધક મંડળ |
| ૧૧ | આત્મકથાઓ-૨(મોતીશા શેઠ તથા વેણીચંદ) | આ.મુકિતચંદ્રસૂરિજી | ગુજ | શાન્તિજિન આરાધક મંડળ |
| ૧૨ | ધર્મ વિધિ પ્રકરણ | પૂ.સુમતિશેખરવિજયજી | ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૩ | નવપદમય બનવાના ઉપાયો | આ.ચંદ્રભૂષણસૂરિજી | ગુજ | હીરસૂરિજી શ્રુતજ્ઞાન ભવન |
| ૧૪ | મહામાનવ મોતીશાહ | આ.રાજરત્નસૂરિજી | ગુજ | મોતીશા રીલી.ટ્રસ્ટ |
| ૧૫ | જીવન બને નંદનવન | પં.પુણ્યચંદ્રવિજયજી | ગુજ | જિનશાસન સેવા મંડળ |
| ૧૬ | તીર્થ યાત્રા | આ.રત્નસેનસૂરિજી | હિં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૧૭ | મહાવરે ઔર કહાવત | પૂ.જયાનંદવિજયજી | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૮ | દર્શનવિધિ પ્રાથમિક જ્ઞાનમાલા | પૂ.જયાનંદવિજયજી | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૯ | સુધા બિંદુ | પૂ.રાજસુંદરવિજયજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૨૦ | વાચના પરિમલ | પં.ઉદયપ્રભવિજયજી | સં/ગુજ | વિજય કેશરચંદ્ર ફાઉન્ડેશન |
| ૨૧ | જ્ઞાનગુણ દીપ દર્શન | પૂ.પ્રશાંતદર્શનવિજયજી | ગુજ | પ્રજ્ઞાંગ પ્રકાશન |
| ૨૨ | પ્રસંગ કિરણ | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૨૩ | આદિ તિર્થંકર શ્રી ઋષભદેવ | ડૉ. રેખા વોરા | ગુજ | મુંબઇ જૈન યુવક સંઘ |
| ૨૪ | ભારતવર્ષના સમ્રાટ સંપ્રતિની વિસરાયેલી યશોગાથા | ડૉ. કલાબેન શાહ | ગુજ | સમ્રાટ સંપ્રતિ કલ્ચરલ ફાઉન્ડેશન |
| ૨૫ | અજાપુત્ર રસમાળા | ડૉ. ભાનુબેન સત્રા | ગુજ | જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ |
| ૨૬ | જિનશાસનના ચમકતા હીરા | વરજીવનદાસ વાડીલાલ | ગુજ | બાબુ અમીચંદ પન્નાલાલ ટ્રસ્ટ |
| ૨૭ | ક્રોધ વિજય-માન વિજય | લક્ષ્મીચંદ બોથરા | હિં | આધ્યાત્મિક સાધના કેન્દ્ર |
| ૨૮ | મેવાડ કે જૈન તીર્થ-૩ | મોહનલાલ બોલ્યા | હિં | મોહનલાલ બોલ્યા |
| ૨૯ | જ્ઞાન તીર્થની યાત્રા | ડૉ. કવિન શાહ | ગુજ | રાંદેર રોડ જૈન સંઘ |
| ૩૦ | અહિંસા મહાન કે આજ્ઞા | નરેશભાઇ નવસારીવાળા | ગુજ | જીનાજ્ઞા પ્રકાશન |
| ૩૧ | પ્રજ્ઞા પ્રતિભાનો કીર્તિ કળશ | નંદલાલ દેવલુક | ગુજ | અરિહંત પ્રકાશન |
| ૩૨ | હીમાલયની ગોદમાં અષ્ટાપદની શોધમાં | આ.જગદ્ચંદ્રસૂરિજી | ગુજ | સૂરેન્દ્રસૂરિ તત્વ જ્ઞાનશાળા |
| ૩૩ | ગુરુ જિસસે હોતા જીવન શરૂ | પૂ.નિપુણવિજયજી મ.સા | હિ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

**પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિજી મ. સા. (પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.)**

(૧) રત્નાકર પંચવિંશતિકા - પ્રાચીન ટીકા

**પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ. સા. (આ. શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) તત્ત્વાર્થ સૂત્ર - હારિભદ્રીય ટીકા વિવેચન

**પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા. (આ. શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) રાજ પ્રશ્નીય સૂત્ર - સટીક - સંશોધન - સંપાદન

(૨) જીવાભિગમ સૂત્ર - સટીક - સંશોધન -સંપાદન

**પૂ. આ. શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા. (આ. શ્રી વલ્લભસૂરિજી સમુદાય)**

(૧) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર - સટીક

(૨) શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર - સટીક

(૩) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર - સટીક

(૪) શ્રી વિપાક સૂત્ર - સટીક

જુદી જુદી હસ્તપ્રતો ઉપરથી સંશોધન

**પૂ. રાજરત્નવિજયજી મ. સા. (આ. શ્રી બાપજી મ. સા. સમુદાય)**

(૧) વિશેષ આવશ્યક ભાષ્ય-મલધારિ હેમચંદ્રસૂરિજી ટીકા

(૨) પાસનાહ ચરિયમ્

**પૂ. ભવ્યસુંદર વિજયજી મ. સા. (આ. શ્રી ભુવનભાનુ સૂરિજી સમુદાય)**

(૧) પિંડ વિશુદ્ધી પ્રકરણ - પૂ. યશોદેવસૂરિજી ટીકા

**પૂ. આ. જગચ્ચંદ્રસૂરિજી મ. સા. (આ. રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)**

(૧) નવ્ય ન્યાય ભાષા પ્રદીપ - સંસ્કૃત/હિન્દી

(૨) આર્હત દર્શન દિપીકા - હિદી ભાષાંતર

(૩) સિદ્ધહેમ શબ્દાનુ. બૃહદ્ન્યાસ અધ્યાય-૪ પાદ-૪, અધ્યાય-૭ પાદ-૩

**પૂ. પૂણ્યકીર્તિવિજયજી મ. સા. (આ. રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) શ્રાદ્ધવિધી વિનિશ્ચય કર્તા - કર્તા ભુષણસૂરિજી

(૨) નવ્યક્ષેત્ર સમાસ - કર્તા ગુણરત્નસૂરિજી-ટીકા સોમતિલકસૂરિજી

(૩) ગણરત્ન મહોદધિ - વ્યાકરણ ગ્રંથ

(૪) વનસ્પતિ સપ્તતિકા - અવચૂરિ

(૫) વિસંવાદ શતક પ્રકરણ

(૬) સમ્યક્ત્વ પ્રકરણ - પૂ. વિમલગણિની ટીકા

# સરસ્વતી પુત્રોને વંદના

**પૂ. સંયમકીર્તિવિજયજી મ.સા. (આ.રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) સંઘપટ્ટક - સાનુવાદ પુનઃસંપાદન
(૨) તત્ત્વનિર્ણયપ્રાસાદ - કર્તા પૂ.આત્મારામજી - સાનુવાદ - પુનઃસંપાદન
(૩) સમ્યક્ત્વશલ્યોદ્ધાર - કર્તા પૂ.આત્મારામજી - સાનુવાદ - પુનઃસંપાદન
(૪) જૈનતત્ત્વાદર્શ - કર્તા પૂ.આત્મારામજી - સાનુવાદ - પુનઃસંપાદન
(૫) અજ્ઞાનતિમિરભાષ્કર - કર્તા પૂ.આત્મારામજી - સાનુવાદ - પુનઃસંપાદન

**શતાવધાની મુનિ અજિતચંદ્રસાગરજી મ.સા. (પૂ.નયચંદ્રસાગરજી શિષ્ય)**

(૧) અનુયોગદ્વારસૂત્ર - મલધારિ હેમચંદ્રસૂરિજી રચિત ટીકાનું ભાષાંતર

**સા.ચંદનબાળાશ્રીજી મ.સા. (આ.રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) સમરાઇચ્ચકહા - સંસ્કૃત છાયા સહિત પુસ્તક

**સા.જિતકલ્પાશ્રીજી મ.સા./સા.વિરાગરસાશ્રીજી મ.સા.**

(૧) ધમ્મિલકુમાર રાસ - કર્તા વીરવિજયજી
(૨) સુરસુંદરી રાસ - કર્તા વીરવિજયજી
(૩) અષ્ટપ્રકારી પુજાનો રાસ - કર્તા વીરવિજયજી

**સા.ધૈર્યરસાશ્રીજી મ.સા.**

(૧) રાત્રિ ભોજન રાસ - કર્તા જિનહર્ષ

**સા.દિવ્યકિરણાશ્રીજી મ.સા.**

(૧) એક હતી રાજકુમારી-સુર સુંદરી રાસ - કર્તા મોહનલાલજી મ.સા.

**સા.જિનયશાશ્રીજી મ.સા. (આ.શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) મુનિવઇચરિયમ્ - સંસ્કૃત છાયા સાથે

**સા.હેમગુણાશ્રીજી મ.સા. (આ.શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) શ્રેણિક ચરિત્ર - દ્વાયાશ્રય મહાકાવ્ય

**ડૉ. ભાનુબેન સત્રા -અપ્રગટ હસ્તપ્રતો ઉપરથી સંશોધન**

(૧) સુમિત્ર રાજર્ષિ ચરિત્ર
(૨) ક્ષેત્રપ્રકાશ રાસ
(૩) કયવન્ના રાસ - કર્તા જયરંગ

**અહો ! શ્રુતમ ઇ-પરિપત્રમ્ ના માધ્યમે અપ્રગટ કૃતિઓને પ્રગટ કરવા માટે નિમ્ન લિખિત અપ્રગટ કૃતિઓ ઉપર કાર્ય કરી રહ્યા છે. પૂ.કલાપૂર્ણસૂરિજી સમુદાયના સાધ્વીજી શ્રી નંદાશ્રીજીની પ્રશિષ્યા સા.નમ્રનિધિશ્રીજી અને સા.નમ્રગિરાશ્રીજી મ.સા.**

(૧) આર્દ્રકુમાર રાસ
(૨) વંકચૂલ રાસ
(૩) મૃગધ્વજ કેવલી રાસ
(૪) મૃગાંકલેખા રાસ

# શ્રુત પ્રસારણ અર્થે વર્તમાન કાળનો અભિનવ અભિગમ

### -: પુસ્તક મેળા ના આયોજનો :-

ગુજરાત સરકાર તરફથી દર વર્ષે ભવ્ય પુસ્તક મેળા નું આયોજન કરાય છે. જેમાં ૩૫૦ થી ૪૦૦ જેવા બુક સ્ટોલ હોય છે. ભારતભરના નામાંકિત પ્રકાશકો પોતાના સ્ટોલ રાખી પુસ્તકો પ્રદર્શિત કરે છે, વેચાણ પણ કરે છે.

તેમાં વાસ્તવિકતા એવી હોય છે કે જેટલા રૂપિયા સ્ટોલ ભાડે રાખવામાં કે વહીવટી ખર્ચના થતા હશે તેટલા રૂપિયાનું વેચાણ પણ કદાચ નહીં થતુ હોય ! છતા લોકોમાં પોતાના પ્રકાશિત પુસ્તકોના સૂચિપત્રો વહેંચીને લોકો પછીથી પણ પુસ્તકો મંગાવી શકે તે રીતે પ્રચાર કરીને પોતાના ધંધાને આગળ વધારવાનો પ્રયત્ન કરે છે.

જાણવા જેવી હકીકત એ છે કે માત્ર પબ્લીશરો નહીં, વૈદીક, મુસ્લીમકે ખ્રીસ્તી કોમ્યુનીટીની ત્રણ થી ચાર સંસ્થાઓ પોતાના સ્ટોલ રાખે છે અને મેળા દરમ્યાન મુલાકાત લેનાર ૫૦૦૦૦ થી વધુ લોકોને એક સાથે પોતાના સાહિત્યનો પરિચય આપે છે. જેમને ગીતા, મહાભારત કે કુરાન, બાઇબલ જોઇએ ત્યાંથી એ સહેલાઇથી ઉપલબ્ધ બને છે.

### -: પુસ્તક મેળો અને જૈન સંઘ :-

શ્રી જૈન સંઘમાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા ઘણુ બધુ સાહિત્ય બહાર પડે છે તેમાં પણ છેલ્લા ૧૦ વર્ષ થી વિચારણા કરીએ તો ગુરુભગવંતો પ્રેરીત ૪૦ થી વધુ સંસ્થાઓ દ્વારા પોતપોતાની રીતે સરેરાશ ૧૦૦ થી વધુ લોકભોગ્ય પુસ્તકોનું પ્રકાશન થયેલ છે. છૂટાછવાયા સર્વ પ્રકાશનો મેળવતા આંકડો ૧૦ થી ૧૫ હજાર જેટલો થવા પામે છે. તેમ છતાં ઇ.૨૦૧૨ ના પુસ્તકમેળામાં એક પણ સ્ટોલ જૈન પ્રકાશનનો (પ્રોફેશનલ કે ગુરુ ભ. પ્રેરિત સંસ્થાનો) ન હતો.

ઇ.૨૦૧૩ ના પુસ્તક મેળામાં સમગ્ર જૈન સંઘમાંથી એકમાત્ર બે જ ગુરુભગવંત પ્રેરિત સંસ્થાના સ્ટોલ હતા. (૧) કલિકુંડતીર્થોદ્ધારક પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.પ્રેરિત શ્રુતજ્ઞાન પ્રસારક સભા અને (૨) સરસ્વતીલબ્ધપ્રસાદ પૂ.આ. શ્રી રત્નસુંદરસૂરિજી પ્રેરિત રત્નત્રયી ટ્રસ્ટ. એમાંય રત્નત્રયી ટ્રસ્ટના સ્ટોલમાં પૂજ્ય યુગપ્રભાવક ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના અન્ય છ ગુરુભગવંતોના પણ લોકોપયોગી સાહિત્યના પુસ્તકો પણ વેચાણ માટે રાખેલ હતા.

એક વાત સ્પષ્ટ છે કે અન્ય ધર્મીય લેખકોના સારા ગ્રંથો કરતાં પણ આપણા અમુક ગુરુભગવંતોના સાદા ગ્રંથો-પુસ્તકો અમૂલ્ય સંસ્કારરત્નો અને સુવિચારમણિઓથી સમૃદ્ધ હોય છે. પુસ્તકમેળામાં સર્વ ધર્મોના સેંકડો-હજારો લોકો તથા વિશિષ્ટ વિદ્વાનો, સાક્ષરો પણ મુલાકાતે આવતા હોય છે. શાસ્ત્રગ્રંથોની વાત બાજુ પર રાખીએ, પણ અત્યંત લોકોપયોગી એવા પુસ્તકો જો લોકોની જાણમાં આવે તો અનેકને જૈન ધર્મની સ્પષ્ટ સમજણ કેળવવામાં કે બોધિબીજનું વાવેતર કરવામાં નિમિત્ત બની શકીએ.

આપણા પ્રવચનો-વ્યાખ્યાનો કે પ્રસંગો ફક્ત જૈન ધર્મીય લોકો પૂરતા જ મર્યાદિત જોવા મળશે. પુસ્તક પ્રસારણના માધ્યમે આપણે લાખો લોકો સુધી પહોંચી શકીએ.

## :- આપણે શું બોધપાઠ લઇશું ? :-

પુસ્તકમેળામાં મુસ્લિમ સમાજના ચારેય સ્ટોલમાં તેમજ ખ્રીસ્તી સમાજના ત્રણ સ્ટોલમાં કુરાન અને બાઇબલની મીની આવૃતિ અને તેના સુવિચારોની પુસ્તિકાઓ મફત વહેંચવામાં આવતી હતી, તથા તેમાં તેઓના ધર્મના પુસ્તકોની માહિતી તથા પ્રાપ્તિસ્થાન પણ અપાતા, આ રીતે દરેક ધર્મો, પોતાનો પ્રચાર પ્રસાર કરે છે, આપણે એમાંથી શું શીખશું ?.

ગત વર્ષે અમે યુરોપની ટૂરમાં ગયા ત્યારે ત્યાંની હોટલમાં બધાજ રૂમોમાં બાઇબલના અનુવાદની નકલ સાઇડ ટેબલના ખાનામાં જોવા મળી, હોટલમાં સમય પસાર કરવા પણ લોકો આ રીતે પુસ્તકોના પાના ઉથલાવે છે અને તે દ્વારા સારા વિચારો પામે છે. શું આપણી ધર્મશાળાના રૂમોમાં કે ભોજનશાળામાં વેઇટીંગ કાઉન્ટર પર કે વિહારધામોના ઉપાશ્રયમાં આવું કોઇ આયોજન ખરું ?

## :- હાર્દિક અનુમોદના :-

આ વર્ષે શ્રેયસ્કર ગુજરાતી જૈન સંઘ, ઇર્લા (મુંબઇ) દ્વારા ખૂબ જ ઉત્તમકક્ષાના ફક્ત જૈન પ્રકાશનોનો પુસ્તક મેળો એપ્રિલ મહિનામાં ત્રણ દિવસ માટે રાખવામાં આવેલ, જેમાં ૩૦ પ્રકાશક-સંસ્થાઓએ ભાગ લીધો. શ્રી સંઘે પોતાના ખર્ચે આ બધી જૈન પ્રકાશન સંસ્થાઓને એક જ સ્થળે ભેગા કરીને વિચાર વિનિમય તથા સહકારની ભાવના વિકસાવી, જેની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રાંતે એક ભાવના એ છે કે, જ્યારે જ્યારે પણ આવો કોઇ શહેર કે રાજ્ય લેવલનો પુસ્તક પ્રદર્શનનો મેળો હોય ત્યારે બધી જ સંસ્થાઓએ ભેગા થઇ (અથવા અનુકુળતા મુજબ પણ) જૈનીઝમનો સ્ટોલ અચૂક રાખવો જોઇએ. એમાં ખર્ચના સરવાળા બાદબાકી ન કરતા, પરમાત્માનું સામાન્ય લોકોપયોગી ઉત્તમ તત્ત્વ સહુને મળે અને તે દ્વારા સર્વે જીવો પોતાની ભૂમિકાને યોગ્ય મોક્ષમાર્ગમાં આગળ વધે એવી ભવ્ય ભાવનાને સાકાર કરવી જોઇએ.

અહો ! શ્રુતજ્ઞાનમ્

## આવું પણ થઇ શકે !

આપણા શ્રીસંઘોમાં દિવાળી અને પ્રસંગોપાત જુના પુસ્તકો ઉઘરાવવામાં આવે છે. ત્યારે જે તે સંસ્થાઓના સભ્યો પાસેથી ઘણા બધા વ્યાખ્યાન-વાર્તા કે ઉપદેશાત્મક સાહિત્યરૂપે ઘણા પુસ્તકો પરત આવતા હોય છે. આવા ઉત્તમ ઉપદેશાત્મક -વાર્તા આદિના પુસ્તકો પુસ્તકમેળામાં અથવા તો જાહેર સ્થળોએ ફક્ત ટોકન કિંમતે એટલે કે ૫, ૧૦ રૂા. મા પ્રસાદી કે પ્રભાવના તરીકે આપીને જે તે વિષયના પુસ્તકપ્રેમીઓ તેમની રૂચિ પ્રમાણે પુસ્તક મેળવી શકે.

આવા પુસ્તકોના વ્યવસ્થિત નાના નાના સેટ બનાવી આપણા તીર્થોની ધર્મશાળાઓની રૂમોમાં ડેસ્ક ઉપર મૂકવા જોઇએ. જેથી ત્યાં આવનાર યાત્રાળુઓ તે ફાજલ સમયમાં પણ સુંદર વિચારો પામી શકે.

એકદમ જનરલ વિષયના જ પુસ્તકો હોય તો નજીકની સારી સેવાભાવી હોસ્પીટલોમાં આપી શકાય. દરેક રૂમમાં આવા એકાદ-બે પુસ્તકો મૂકાયેલા હોય, દર્દી પણ અસ્વસ્થ અવસ્થામાં વાંચે તથા ખબર પૂછવા આવેલાને ઘણું કરીને સમય પસાર ક્યાં કરવો, તેનું ટેન્શન હોય છે. પછી ગમે તેમ વાતોના વડા કરીને કે દુનીયાની ફોગટ પંચાત કરીને સમય પૂરો કરે. એ કરતાં આવા ઉત્તમબોધદાયક વિચારવાળા પુસ્તકો ત્યાં હોય તો સુંદર વિચારણાનું એક પુષ્ટાલંબન તો મળે જ....

## શ્રુત ખજાનો - હરતી ફરતી લાયબ્રેરી

**www.ahoshrut.org**

પૂજ્યોને અભ્યાસમાં સહાયભૂત થવા માટે તેમજ શ્રાવકોને વાંચન-અભ્યાસ માટે પુસ્તકો ઉપલબ્ધ બનાવવા એક નવી જ મલ્ટી પરપઝ વેબસાઇટ **શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર** દ્વારા શરૂ કરવામાં આવી છે.જેમાં જૈન શાસનના અગત્યના ગ્રંથો, માહિતી વગેરે સરળતાથી સુલભ બનાવેલ છે. આમાં સ્વાધ્યાય, પ્રકરણ, ઉપદેશાત્મક ગ્રંથો, વ્યાકરણ, શિલ્પ સ્થાપત્ય, જ્યોતિષ, આયુર્વેદ, વિધિ અને સૂત્રો, ચરિત્ર તેમજ પ્રવચનના પુસ્તકોનો સમાવેશ કરેલ છે. જેથી દુર દુરના પ્રદેશમાં રહેલા પૂજ્યો અને મુખ્યત્વે તો શ્રાવક-શ્રાવિકાઓને અભ્યાસ ઉપયોગી પુસ્તકો સરળતાથી ઉપલબ્ધ બનશે. આ બધા જ પુસ્તકો પૂજ્ય ગુરૂ ભગવંતોને અભ્યાસ માટે જરૂર હોય તો જ્ઞાન ભંડારમાં ઉપલબ્ધ છે. આ વેબસાઇટ સંપૂર્ણ પણે સરળતાથી પુસ્તકો ડાઉનલોડ કરી શકાય તે રીતે યુઝર્શ ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. જેના લીધે વિદ્વાનોને સંશોધન સંપાદન માટે તેમાં રહેલ કેટલોગ, શબ્દકોષ તેમજ થઇ રહેલ જ્ઞાનના કાર્યની માહિતી બાળ ઉપયોગી સાહિત્ય તેમજ શ્રાવક-શ્રાવિકાઓ માટે પ્રવચન, નોલેજ તેમજ કથા વાર્તાના પુસ્તકો દ્વારા ખુબ જ ઉપયોગી બનાવેલ છે. તેમજ થઇ રહેલ અનુષ્ઠાનોની માહિતી દ્વારા સતત ન્યુઝ ચેનલ ઓનલાઇન શરૂ કરવામાં આવેલ છે. જેમાં આપના ત્યાં થઇ રહેલ અનુષ્ઠાનની માહિતી એસ.એમ.એસ. અથવા ઇ-મેઇલ દ્વારા આપ પણ મોકલી શકશો. તો આ શ્રુતજ્ઞાનના પ્રસાર અને સમયાનુસાર ખુબ જ જરૂરી એવા શ્રુતયજ્ઞમાં આપ પણ આપના દ્વારા પ્રકાશિત પુસ્તક, માસિક અને સમાચારો મોકલીને ભાગીદાર બની શકો છો.

**अहो ! श्रुतम् ई-परिपत्रम् :-** આપણી પ્રાચીન હસ્તપ્રતોમાં રહેલ ગ્રંથોને સંશોધન-સંપાદન દ્વારા પ્રકાશિત કરવા માટે એક માધ્યમ રૂપે ઇ-મેગેઝીન હિન્દી ભાષામાં શરૂ કરેલ છે. આની મર્યાદિત નકલ પ્રીન્ટ કરીને જ્ઞાનમાં કાર્યરત ગુરૂ ભગવંતો તથા જ્ઞાનભંડારોને મોકલવામાં આવેલ છે. અને વિદ્વાનો, યુનિવર્સિટી, સંસ્કૃત વિદ્યાપીઠ, અધ્યાપકો અને જ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ સંસ્થાઓને ઇમેઇલ થી મોકલી છે. તેમાં નીચેના વિભાગ છે.

**किन्चिद् वक्तव्यम् :-** શ્રુતવારસાની રક્ષા

**मुद्रितग्रन्था :-** હસ્તપ્રત ઉપરથી સંશોધન થઇને પ્રકાશિત ગ્રંથોની માહિતી

**सरस्वतीकृपा :-** હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન કરી રહેલ પૂજ્યોની અનુમોદના

**अप्रकट प्रकटीकृतम् :-** પ્રાચીન હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદિત થયેલ નવી કૃતિઓ

**नवनिर्मित कृति :-** નૂતન બનાવેલ સંસ્કૃત-પ્રાકૃત કૃતિ રચના

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર**
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org